# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 19-04-2025 Day: Saturday Evening: 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ભારતીય સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર-ઓનલાઇન બુકિંગ

કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળનાં ભારતીય સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર-I4C એ આજે ઓનલાઇન બુકિંગ છેતરપિંડી, ખાસ કરીને ધાર્મિક યાત્રાળુઓ અને પ્રવાસીઓને નિશાન બનાવતી છેતરપિંડી સામે જાહેર ચેતવણી જારી કરી છે.

મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, લોકોને કોઈપણ ચૂકવણી કરતા પહેલા અત્યંત સાવચેતી રાખવાની અને હંમેશા વેબસાઇટની અધિકૃતતાની ચકાસણી કરવાની સલાહ આપવામાં આવી છે.

લોકોને ગૂગલ, ફેસબુક અથવા વોટ્સઅપ પર પ્રાયોજિત અથવા અજ્ઞાત લિંક્સ પર ક્લિક કરતી વખતે સાવચેતી રાખવાની ચેતવણી આપવામાં આવે છે. મંત્રાલયે લોકોને માત્ર સત્તાવાર સરકારી પોર્ટલ અથવા વિશ્વસનીય ટ્રાવેલ એજન્સીઓ દ્વારા જ બુકિંગની ક્રોસ-ચેક કરવા વિનંતી કરી હતી. કોઈપણ છેતરપિંડીના કિસ્સામાં, નાગરિકોને રાષ્ટ્રીય સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ www.cybercrime.gov.in પર અથવા હેલ્પલાઈન નંબર 1930 પર ફોન કરીને તાત્કાલિક ઘટનાની જાણ કરવા સલાહ આપવામાં આવી છે.

------------------------------------------------------------------------------------

## 108 ઇમરજન્સી સેવા

રાજ્યમાં '108 ઇમરજન્સી સેવા' શરૂ થઇ ત્યારથી માર્ચ 2025 સુધીમાં એક કરોડ 75 લાખથી વધુ કોલ નોંધાયા છે, જેમાં 57 લાખ 62 હજારથી વધુ પ્રસૂતિ સંબંધિત તેમજ 21 લાખ 36 હજારથી વધુ માર્ગ અકસ્માતની ઘટનાઓમાં ઈમરજન્સી સેવા પૂરી પાડવામાં આવી છે.

'108 ઇમરજન્સી સેવા' ઉપરાંત સપ્ટેમ્બર 2012થી કાર્યરત 434 જેટલી ખિલખિલાટ વાનનો વર્ષ 2024 સુધીમાં એક કરોડ 23 લાખથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે. જ્યારે વર્ષ 2015થી શરૂ થયેલી 181 મહિલા હેલ્પલાઇન અંતર્ગત 15 લાખ 84 હજારથી વધુ કોલ એટેન્ડ કરીને 59 વાન દ્વારા 3 લાખ 17 હજારથી વધુ મહિલાઓને સ્થળ પર જરૂરી મદદ કરવામાં આવી છે. આ ઉપરાંત 104 હેલ્થ હેલ્પલાઇન દ્વારા વર્ષ 2024 સુધીમાં 51 લાખ 26 હજારથી વધુ કોલ એટેન્ડ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. જ્યારે 108 બોટ એમ્બ્યુલન્સ દ્વારા 753 નાગરિકોનો આપાતકાલીન સેવાઓ પૂરી પાડવામાં આવી છે.

------------------------------------------------------------------------------------

# JEE મુખ્યનાં બીજા સત્રનું પરિણામ

નેશનલ ટેસ્ટિંગ એજન્સી-NTA એ આજે વર્ષ 2025ની સંયુક્ત પ્રવેશ પરીક્ષા- JEE મુખ્યનાં બીજા સત્રનું પરિણામ જાહેર કર્યું છે. આ વખતે કુલ 24 વિદ્યાર્થીઓએ BE/B TECHમાં 100માંથી 100 ગુણ મેળવ્યા છે.

કટ-ઓફ સાથેનું પરિણામ JEEની સત્તાવાર મુખ્ય વેબસાઇટ-jeemain.nta.nic.in પર ઉપલબ્ધ છે. JEE મુખ્ય પરીક્ષા 2025 આ વર્ષે બે તબક્કામાં, જાન્યુઆરી અને એપ્રિલમાં યોજાઈ હતી. આ પરીક્ષા દ્વારા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં પ્રવેશ મળે છે.

---------------------------------------------------------------------------------

# પ્રદીપ શર્માને વધુ એક કેસમાં 5 વર્ષની સજા

કચ્છના પૂર્વ કલેકટર પ્રદીપ શર્માને વધુ એક કેસમાં 5 વર્ષની સજા સંભળાવવામાં આવી છે. મુન્દ્રા તાલુકાના સમાઘોઘામાં ખાનગી કંપનીને નિયમ વિરુદ્ધ સરકારી જમીનની ફાળવણીના કેસમાં ભુજની કોર્ટે તેમને પાંચ વર્ષની કેદની સજા અને 10 હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ભુજ કોર્ટના ચોથા અધિક ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટે પ્રદીપ શર્મા સાથે ત્રણ અન્ય અધિકારીઓ તત્કાલીન નગર નિયોજક નટુ દેસાઈ, નાયબ મામલતદાર નરેન્દ્ર પ્રજાપતિ અને નિવાસી નાયબ કલેકટર અજિતસિંહ ઝાલાને પણ તકસીરવાન ઠેરવ્યા છે.

પ્રદીપ શર્માને હાલ એ.સી.બી. કેસમાં 5 વર્ષની સજા કાપી રહ્યા છે. જે પૂર્ણ કર્યા બાદ આજે સંભળાવવામાં આવેલી 5 વર્ષની સજાનો અમલ શરૂ કરવા હુકમ કરાયો છે.

---------------------------------------------------------------------------------

# હાઈટેક કૃષિ-ડેરી પ્રદર્શન

કચ્છના પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરિયાએ આજે ભુજ તાલુકાના મિરઝાપર ખાતે ૧૪મા હાઈટેક કૃષિ-ડેરી પ્રદર્શનનો પ્રારંભ કરાવીને ખુલ્લો મૂક્યો હતો. ખેડૂતો વાવેતરથી વેચાણ સુધી 'આત્મનિર્ભર' બને અને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી સમાજને સ્વસ્થ રાખવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે તે ઉદેશ્યથી ૧૯ થી ૨૨ એપ્રિલ સુધી આ હાઈટેક કૃષિ-ડેરી પ્રદર્શન કમ કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે શ્રી પાનશેરિયા જણાવ્યું કે, કચ્છના ખેત ઉત્પાદનોની માંગ આજે દેશ અને દુનિયામાં જોવા મળે છે. તેમણે ટેકાના ભાવે ખરીદીથી ખેત પેદાશોનું ઉત્તમ મૂલ્ય, સિંચાઈ માટેનું પાણી અને વીજળીની સુવિધા, જમીન ગુણવત્તા માટે સોઈલ હેલ્થ કાર્ડ, જેવા રાજ્ય સરકારના પ્રકલ્પો અને યોજનાઓનો ખેડૂતોને મહત્તમ લાભ લેવા અપીલ કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે, ખેડૂતોને પ્રોત્સાહિત કરવા અને માર્ગદર્શન આપવા માટે આ કૃષિ મેળો મહત્વનો બની રહેશે. તેમણે પરંપરાગત ખેતી કરતાં ખેડૂતો નવીન ટેકનોલોજી અપનાવે અને દેશના વિકાસમાં સહભાગી થાય તેવો અનુરોધ પણ કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન પ્રગતિશીલ ખેડૂતોનું પ્રભારી મંત્રી અને મહાનુભાવોના હસ્તે પ્રશસ્તિપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

----------------------------------------------------------------------------------------

## આઈપીએલ:

આજે અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર રમાઇ રહેલ આઇપીએલની મેચમાં દિલ્હી કેપીટલ્સની ટીમે નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટના ભોગે 203 રન કર્યા છે. ગુજરાત ટાઇટન્સ ટીમે ટોસ જીતી દિલ્હીની ટીમને પ્રથમ દાવ આપ્યો હતો. અન્ય એક મેચમાં જયપુરમાં સાંજે સાડા સાત વાગે રાજસ્થાન રોયલ્સ લખનૌ સુપર જાયન્ટ્સ સામે ટકરાશે

----------------------------------------------------------------------------------------